સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# GPSC દ્વારા નવી ભરતીની જાહેરાત

**STI** STATE TAX INSPECTOR — **243**

**P.I.** POLICE INSPECTOR — **40**


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[DEC-2019]

[15/12 to 21/12]

# WEEK-51

CURRENT TOPIC

- The Constitution (126th Amendment) Bill, 2019 ભારતની સંસદમાં પસાર
- ગુજરાત સરકારની 'વિધવા સહાય પેન્શન યોજના' હવે 'ગંગા-સ્વરૂપ બહેનોને સહાયતા યોજના' તરીકે ઓળખાશે
- શ્રી મનોજ મુકુંદ નરવાણે ભારતીય આર્મીના નવા વડા બનશે
- WEF Global Gender Gap Report 2020માં ભારત 112મા ક્રમે
- પ્રસિદ્ધ ગુજરાતી હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગરને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 15 DECEMBER, 2019 SUNDAY

### ➤ દિવસ મહિમા : 15 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day)

### ➤ અનેરો મહિમા ધરાવતી પાવાગઢની પરિક્રમાનો 26 ડિસેમ્બરથી પ્રારંભ




ગુજરાતમાં આવેલી વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ અને મહાકાળી માતાજીના ધામ પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ 26 ડિસેમ્બર, 2019ના રોજ થશે.

- ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષથી પાવાગઢની આ પરિક્રમાનો પ્રારંભ થયો છે.
- પાવાગઢની પરિક્રમાનો અનેરો મહિમા છે. એવું કહેવાય છે કે આ પરિક્રમા એક અશ્વમેઘ યજ્ઞની ફળશ્રુતિ સમાન છે.
- પાવાગઢની ટોચ ઉપર આવેલા માતાજીના મંદિરથી છેક નીચે ખૂણેશ્વર મહાદેવ મંદિર સુધી માતાજીનું શરીર માનવામાં આવે છે.
- આથી, ભક્તો માતાજીની સંપૂર્ણ પ્રદક્ષિણા કરી શકે તે માટે આ પરિક્રમા પૌરાણિક સમયમાં શરૂ થઈ હતી.
- પાવાગઢની તળેટીમાં આવેલા ચાંપાનેર ગામના વાઘેશ્વરી માતાના મંદિરેથી આ પરિક્રમાનો પ્રારંભ થાય છે.
- અને ત્યાંથી શરૂ થયેલી પરિક્રમાનું રાત્રી રોકાણ પૂજ્ય નારાયણ બાપુના તાજપુરા ધામ ખાતે થાય છે. અને ત્યાંથી ધાબા ડુંગરી થઈ વાઘેશ્વરી માતાના મંદિરે આ પરિક્રમા સમાપ્ત થાય છે.
- આ પરિક્રમાના બે રૂટ છે : (1) એક દિવસની પરિક્રમા અને (2) બે દિવસની પરિક્રમા.
- જેમાંથી એક દિવસની પરિક્રમાનો રૂટ 25 કિલોમીટર અને બે દિવસની પરિક્રમાનો રૂટ 44.31 કિલોમીટરનો છે.
- પાવાગઢની આ પરિક્રમાનો પ્રારંભ 'પાવાગઢ દિવસ' એટલે કે હિન્દુ મહિનાના માગશર માસની અમાસથી થાય છે.
- આથી, 26 ડિસેમ્બર, 2019ને માગશર વદ અમાસના રોજ આ પરિક્રમાનો પ્રારંભ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પાવાગઢની ઉત્પત્તિ

એક લોકવાયકા મુજબ હાલ જ્યાં પાવાગઢ છે તે સ્થળે મહર્ષિ વિશ્વામિત્રે ત્રેતાયુગમાં વીસ હજાર વર્ષથી વધારે વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી.

- ઋષિ વિશ્વામિત્ર તપ કરતા હતા તે સમયે તેમની એક ગાય ચરતા ચરતા ખાડામાં પહોંચી ગઈ, અને હવે તે ઉપર આવી શકે તેમ ન હતી.
- આથી, એ ગાયને ઉપર લાવવા માટે ઋષિ વિશ્વામિત્રે મહાકાળી માતાજીને પ્રાર્થના કરી.
- પરિણામે એક ઉલ્કાપાત થયો અને ત્રણ ભાગ ખાડામાં પુરાઈ ગયો અને ચોથો "પા" ભાગ ઉપર રહ્યો.
- અને ખાડામાં પડેલી ગાય ઉપર આવી જતા આ "પા" ભાગ પરથી પાવાગઢ પર્વત બન્યો.
- અને ઋષિ વિશ્વામિત્રની પ્રાર્થનાથી માતા મહાકાળી આ સ્થળે વિરાજમાન થયા.

**નોંધ :** (1) પાવાગઢ ડુંગર ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલો છે.
(2) પાવાગઢના ડુંગર ઉપર સદન શાહ પીરની પ્રસિદ્ધ દરગાહ આવેલી છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ICE ? Questions

1. ગુજરાતમાં પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ કયા દિવસથી થાય છે ?
   (A) માગશર સુદ અગિયારસ (B) માગશર સુદ પૂનમ
   (C) માગશર વદ અગિયારસ (D) માગશર વદ અમાસ — (D)

2. લોક વાયકા અનુસાર પાવાગઢની પરિક્રમાથી કયા યજ્ઞ સમાનનું ફળ મળે છે ?
   (A) નવચંડી યજ્ઞ (B) 108 કુંડી યજ્ઞ
   (C) અશ્વમેઘ યજ્ઞ (D) સુન્દરકાંડ હોમાત્મક યજ્ઞ — (C)

3. પાવાગઢની તળેટીમાં આવેલા ચાંપાનેર ગામના કયા મંદિરેથી પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ થાય છે ?
   (A) મહાકાળી માતાના મંદિરેથી (B) અંબે માતાના મંદિરેથી
   (C) બહુચર માતાના મંદિરેથી (D) વાઘેશ્વરી માતાના મંદિરેથી — (D)

4. પાવાગઢ પર્વતના સ્થળે ત્રેતાયુગમાં કયા ઋષિએ હજારો વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી તેવી લોક વાયકા છે ?
   (A) ઋષિ વશિષ્ઠ (B) ઋષિ વિશ્વામિત્ર (C) ઋષિ વેદ વ્યાસ (D) ઋષિ ગૌતમ — (B)

5. પાવાગઢ ડુંગર પંચમહાલ જિલ્લાના કયા તાલુકામાં આવેલો છે ?
   (A) હાલોલ (B) કાલોલ (C) ગોધરા (D) જાંબુઘોડા — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

પોલીસ કોન્સ્ટેબલ આક્રમક તૈયારી

નવી બેચ શરૂ ફ્રી ટ્રાયલ લેક્ચર

રાજકોટ 26-12-19 સાંજે : 4 થી 6
રજિસ્ટ્રેશન ફરજિયાત 93757-01110
10% વિશેષ DISCOUNT વહેલા તે પહેલાના ધોરણે


જૂનાગઢ 30-12-19 સવારે : 10 થી 12
રજિસ્ટ્રેશન ફરજિયાત 7698501110
25% વિશેષ DISCOUNT વહેલા તે પહેલાના ધોરણે

ગણિત અને રીઝનીંગના આંટીઘૂંટીયુક્ત પ્રશ્નોની એકડે-એકથી સુગમ-સરળ સમજુતી
પોલીસ ભરતીના નિષ્ણાત ફેકલ્ટીઓની વિશાળ ટીમ
નિશ્ચિત સફળતાની હાઈટેક વ્યુહરચના
સંભવિત પ્રશ્નપત્રની OMR પેપર પ્રેક્ટિસ અને ટુ ધી પોઈન્ટ એડવાન્સ લેવલ મટીરિયલ્સ

32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET

## 16 DECEMBER, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day)




ભારતમાં દર વર્ષે 16 ડિસેમ્બરને 'વિજય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં 16 ડિસેમ્બરના રોજ થયેલા ભારતના ઐતિહાસિક વિજયની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ યુદ્ધમાં પૂર્વ પાકિસ્તાન પાકિસ્તાનથી આઝાદ થઈ ગયું હતું અને 'બાંગ્લાદેશ' નામના એક નવા જ દેશનું સર્જન થયું હતું.
- આથી, દર વર્ષે 16 ડિસેમ્બર બાંગ્લાદેશમાં પણ 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** (1) ભારતમાં 16 ડિસેમ્બર 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે. જ્યારે 26 જુલાઇ 'કારગિલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

(2) 26 જુલાઇ, 1999ના રોજ કારગિલ યુદ્ધમાં ભારતનો પાકિસ્તાન સામે વિજય થયો હતો. આથી, દર વર્ષે 26 જુલાઈના રોજ ભારતમાં 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### ➤ The Constitution (126th Amendment) Bill, 2019 ભારતની સંસદમાં પસાર



બંધારણ (126મું સંશોધન) બિલ, 2019 લોકસભા બાદ ભારતની રાજ્યસભામાં પણ પસાર થઈ ગયું છે.

- હવે રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મળ્યા બાદ આ બિલ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે.
- ભારતના કાયદા અને ન્યાય મંત્રી શ્રી રવિશંકર પ્રસાદે સૌપ્રથમ લોકસભામાં આ બિલ રજૂ કર્યું હતું.
- આ બિલમાં લોકસભા તથા રાજ્યોની વિધાનસભાઓમાં SC અને ST માટે કેટલીક બેઠકો અનામત રાખવાની મુદત 10 વર્ષ વધારવામાં આવી છે.
- ભારતમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં SC તથા ST માટે કેટલીક બેઠકો અનામત રાખવાની મુદત 25 જાન્યુઆરી, 2020ના રોજ સમાપ્ત થતી હતી.
- આ બિલ દ્વારા આ મુદત 10 વર્ષ વધારીને હવે 25 જાન્યુઆરી, 2030 સુધી લંબાવવામાં આવી છે.

#### આ અંગે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 330થી 334 અંતર્ગત અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં કેટલીક બેઠકો અનામત રાખવાની તેમજ તેમાં ઍંગ્લો-ઈન્ડિયન સમુદાયના વિશેષ પ્રતિનિધિત્વની જોગવાઈ કરવામાં આવી હતી.

- 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતનું બંધારણ જ્યારે અમલમાં આવ્યું ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 334 અંતર્ગત આ મુદત 10 વર્ષ સુધીની એટલે કે 25 જાન્યુઆરી 1960 સુધીની હતી.
- ત્યારબાદ અત્યાર સુધી દર 10 વર્ષે ભારતના બંધારણમાં સુધારો કરીને આ મુદત 10-10 વર્ષ વધારવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- છેલ્લે વર્ષ 2009માં બંધારણના 95મા સુધારા દ્વારા ભારતની લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં SC અને ST માટે અનામત બેઠકો માટેની જોગવાઈ તેમજ એંગ્લો-ઈન્ડિયન સમુદાયના વિશેષ પ્રતિનિધિત્વની જોગવાઈની મુદત વધારીને 25 જાન્યુઆરી 2020 સુધી કરવામાં આવી હતી.
- હવે ઉપરોક્ત બિલ દ્વારા લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં SC અને ST માટે અનામત બેઠકો રાખવાની મુદત 10 વર્ષ એટલે કે 25 જાન્યુઆરી 2030 સુધી વધારવામાં આવી છે.
- જ્યારે લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં એંગ્લો-ઈન્ડિયન સમુદાયના વિશેષ પ્રતિનિધિત્વની મુદત વધારવા માટે ઉપરોક્ત બિલમાં કોઈ જ જોગવાઈ કરવામાં આવી નથી.
- આથી, લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં એંગ્લો-ઈન્ડિયન સમુદાયના વિશેષ પ્રતિનિધિત્વની જોગવાઈ 25 જાન્યુઆરી, 2020ના રોજ સમાપ્ત થઈ જશે.

નોંધ : (1) બંધારણ (126મું સંશોધન) બિલ, 2019ને રાષ્ટ્રપતિની મંજૂરી બાદ ઉપરોક્ત જોગવાઈ માટે ભારતના બંધારણમાં 104મો સુધારો થશે.

(2) કેટલાક ફ્રેશર્સ વિદ્યાર્થીઓને અહીં પ્રશ્ન થાય કે બંધારણ (126મા સંશોધન) બિલને મંજૂરી મળે તો બંધારણમાં 126મો સુધારો ન થાય ? તો તેનો જવાબ એ છે કે ભારતના બંધારણમાં સંશોધન માટે ભારતની સંસદમાં અત્યાર સુધીમાં 126 બિલ રજૂ થયા છે. તેમાંથી કેટલાક બિલને મંજૂરી મળી છે. કેટલાકને મંજૂરી મળી નથી. આથી, જો બિલને મંજૂરી મળે તો જ બંધારણમાં સુધારો થાય. એ રીતે ભારતના બંધારણમાં અત્યાર સુધી 103 સુધારા થયા છે. હવે જો આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળશે તો બંધારણમાં 104મો સુધારો થશે.

(3) આ ઉપરાંત ઉપરોક્ત બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ ભારતીય બંધારણના અનુચ્છેદ 334માં "70 વર્ષ" શબ્દની જગ્યાએ "80 વર્ષ" શબ્દ ઉમેરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ અંગે બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 330 | લોકસભામાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો |
| 331 | લોકસભામાં એંગ્લો-ઈન્ડિયન સમુદાયનું પ્રતિનિધિત્વ |
| 332 | રાજ્ય વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો |
| 333 | રાજ્ય વિધાનસભાઓમાં એંગ્લો-ઈન્ડિયન સમુદાયનું પ્રતિનિધિત્વ |
| 334 | અનામત બેઠકો અને વિશેષ પ્રતિનિધિત્વની વ્યવસ્થા 70 વર્ષ બાદ સમાપ્ત થશે |

નોંધ : (1) ભારતમાં SC અને ST માટે અનામત બેઠકો તથા એંગ્લો-ઈન્ડિયન સમુદાય માટે વિશેષ પ્રતિનિધિત્વની જોગવાઈ ફક્ત લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં જ છે. ભારતની રાજ્યસભા અને રાજ્યોની વિધાન પરિષદોમાં આવી કોઈ જ જોગવાઈ નથી.

(2) ભારતની લોકસભામાં SC સમુદાય માટે 84 બેઠકો અને ST સમુદાય માટે 47 બેઠકો અનામત રાખવામાં આવી છે. આ બંને માટે કુલ 131 બેઠકો અનામત રાખવામાં આવી છે. જે પર્સેન્ટેજની દષ્ટિએ લોકસભાની કુલ બેઠકોના 24.03% છે.

## ICE Questions

1. ભારતમાં 'વિજય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 14 ડિસેમ્બર (B) 15 ડિસેમ્બર (C) 16 ડિસેમ્બર (D) 17 ડિસેમ્બર **(C)**

2. ભારતમાં 'કારગિલ વિજય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 16 ડિસેમ્બર (B) 16 જુલાઈ (C) 26 ડિસેમ્બર (D) 26 જુલાઈ **(D)**

3. ડિસેમ્બર 2019 દરમિયાન કયું બંધારણ સંશોધન બિલ ભારતની સંસદમાં પસાર થયું છે ?
   (A) બંધારણ (123મું સંશોધન) બિલ, 2019 (B) બંધારણ (124મું સંશોધન) બિલ, 2019
   (C) બંધારણ (125મું સંશોધન) બિલ, 2019 (D) બંધારણ (126મું સંશોધન) બિલ, 2019 **(D)**

4. બંધારણ (126મા સંશોધન) બિલ, 2019 દ્વારા લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં SC અને ST સમુદાય માટે અનામત બેઠકો અંગેની જોગવાઈની મુદત કેટલા વર્ષ સુધી વધારવામાં આવી છે ?
   (A) 5 વર્ષ (B) 10 વર્ષ (C) 20 વર્ષ (D) આવી કોઈ જોગવાઈ નથી **(B)**

5. બંધારણ (126મા સંશોધન) બિલ, 2019માં કરવામાં આવેલી જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેમાં ભારતની લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં એંગ્લો-ઈન્ડિયન સમુદાયના વિશેષ પ્રતિનિધિત્વની મુદત 10 વર્ષ વધારીને 25 જાન્યુઆરી 2030 સુધી કરવાની જોગવાઈ છે.
   2. તેમાં ભારતની લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં SC અને ST સમુદાય માટે અનામતની મુદત 10 વર્ષ વધારીને 25 જાન્યુઆરી 2030 સુધી કરવાની જોગવાઈ છે.
   (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(C)**

6. બંધારણ (126મા સંશોધન) બિલ, 2019ને મંજૂરી મળ્યા બાદ આ બિલ દ્વારા ભારતના બંધારણમાં કેટલામો સુધારો થશે ?
   (A) 103મો (B) 104મો (C) 105મો (D) 126મો **(B)**

7. બંધારણ (126મા સંશોધન) બિલ, 2019ને મંજૂરી મળ્યા બાદ આ બિલ દ્વારા ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ફેરફાર કરવામાં આવશે ?
   (A) અનુચ્છેદ 124 (B) અનુચ્છેદ 224 (C) અનુચ્છેદ 324 (D) અનુચ્છેદ 334 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 17 DECEMBER, 2019 TUESDAY

### ➤ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે યોજાઈ 'વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેક્નોલોજી સમિટ 2019'

ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં **અમદાવાદ** ખાતે આવેલી **ગુજરાત સાયન્સ સિટી**માં **'વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેક્નોલોજી સમિટ 2019'**નો પ્રારંભ થયો હતો.

- ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ આ ત્રિદિવસીય સમિટનો શુભારંભ કરાવ્યો હતો.
- ગુજરાતમાં ઔદ્યોગિક જગતના વ્યવહારુ પ્રશ્નોના ઉકેલ માટે તકનીકી સ્ટાર્ટઅપને પીઠબળ પૂરું પાડવા માટેનું વાતાવરણ સર્જવાના ઉદ્દેશથી આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

## એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનું ખાતમુહૂર્ત

'વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ 2019'ના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** **સાયન્સ સિટી** ખાતે નિર્માણ પામનાર **'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી'**નું ખાતમુહૂર્ત કર્યું હતું.

- આશરે રૂ. 150 કરોડના ખર્ચે નિર્માણ પામનારી **'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી'** સાયન્સ સિટી ખાતે
  (1) એક્વેટિક ગેલેરી અને
  (2) રોબોટિક ગેલેરી
  બાદ ત્રીજી સાયન્ટિફિક ગેલેરી હશે.

**નોંધ :** ગુજરાત સાયન્સ સિટી **અમદાવાદ**ના **હેબતપુર ગામ** પાસે આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

અમને વિશ્વાસ છે અમારી ખાસ તાલીમ આપને ઓફિસર બનાવશે

GPSC1/2
STI/P.I.

ફ્રી ટ્રાયલ લેક્ચર

BEST COACHING
BEST MATERIALS
BEST RESULTS

કરંટ અફેર્સ સાથે સામાન્ય અભ્યાસને જોડીને વિશ્લેષણાત્મક સમજ

UPSC લેવલની Detail Study

Prelims + Mains બન્નેની સમાંતર તૈયારી

દરેક વિષયની ઊંડાણપૂર્વક અને વિસ્તૃત તૈયારી

1200 + પ્રશ્નોની મોક પ્રેકટીસ

રીડીંગરૂમની વ્યવસ્થા

26-12-19
સાંજે 7 થી 9
રજિસ્ટ્રેશન ફરજિયાત
93757-01110
93280-01110
રાજકોટ

નવી બેચ શરૂ
સાંજે 6 થી 8
રજિસ્ટ્રેશન ફરજિયાત
84695-01110
84696-01110
અમદાવાદ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાત સરકારની 'વિધવા સહાય પેન્શન યોજના' હવે 'ગંગા-સ્વરૂપ બહેનોને સહાયતા યોજના' તરીકે ઓળખાશે




ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **ગુજરાત**માં **સુરત** જિલ્લાના **ઓલપાડ વિધાનસભા મતક્ષેત્ર**ની **સાત હજાર** જેટલી વિધવા બહેનોને **'વિધવા સહાય પેન્શન યોજના'** મંજૂરીના હુકમોનું એક જ સ્થળેથી વિતરણ કર્યું હતું.

- આથી, એક જ સ્થળેથી એક સાથે **7 હજાર બહેનોને** વિધવા પેન્શન હુકમો એનાયત કરવા બદલ **ઓલપાડ વિધાનસભા મતક્ષેત્રને 'એશિયા બુક ઓફ રેકોર્ડ'** અને **'ગોલ્ડન બુક ઓફ રેકોર્ડ'**માં સ્થાન મળ્યું છે.
- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **'વિધવા સહાય પેન્શન યોજના'**નું હવે **'ગંગા-સ્વરૂપ બહેનોને સહાયતા યોજના'** એવું નામકરણ કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી.
- ગુજરાત સરકાર દ્વારા વિધવા બહેનોને આ યોજના અંતર્ગત અગાઉ **દર મહિને** માસિક **રૂ. 1000** સહાય આપવામાં આવતી હતી. જે વધારીને હવે **રૂ. 1250** કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત અગાઉ જે વિધવા બહેનોના પુત્રની ઉંમર **21 વર્ષ કે તેથી વધુ** હોય તેમને આ યોજના અંતર્ગત સહાય મળતી ન હતી. અથવા તો પુત્રની ઉંમર 21 વર્ષ થતાં જ સહાય મળતી બંધ થઈ જતી હતી.
- જોકે હવે વિધવા બહેનોને પુત્રની ઉંમર 21 વર્ષ થઈ ગયા બાદ પણ આ સહાય મળશે.
- આ માટે વિધવા બહેનોની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં 1.2 લાખ કે તેથી ઓછી અને શહેરી વિસ્તારમાં 1.5 લાખ કે તેથી ઓછી હોવી જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વડોદરાનું છાયાપુરી સ્ટેશન ગુજરાતનું ત્રીજું સેટેલાઈટ રેલવે સ્ટેશન બન્યું



14 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના કેન્દ્રિય રેલવે રાજ્ય મંત્રી **શ્રી સુરેશ અંગડી**એ **વડોદરા**માં નવનિર્મિત **છાયાપુરી સેટેલાઈટ રેલવે સ્ટેશન**નું લોકાર્પણ કર્યું છે.

- આ સાથે જ આ **છાયાપુરી સ્ટેશન** (1) **મણિનગર** અને (2) **ઉધના** બાદ **ગુજરાતનું ત્રીજું સેટેલાઈટ રેલવે સ્ટેશન** બની ગયું છે.
- સેટેલાઈટ રેલવે સ્ટેશનના નિર્માણથી મોટા શહેરના મુખ્ય રેલવે સ્ટેશન પર રેલવેના ટ્રાફિકની સમસ્યા નીવારી શકાય છે.
- વડોદરામાં રૂ. 50 કરોડના ખર્ચે નવનિર્મિત છાયાપુરી સેટેલાઈટ રેલવે સ્ટેશનના કારણે અમદાવાદથી રતલામ જવા-આવવાના રૂટ પર વડોદરાના મુખ્ય રેલવે સ્ટેશને ટ્રેનને રિવર્સ કરવાની પ્રક્રિયામાંથી મુક્તિ મળશે. આથી આ રૂટના મુસાફરોનો 27 મિનિટ જેટલો સમય બચશે.
- આ સ્ટેશનેથી 26 જેટલી ટ્રેનો આવન-જાવન કરશે. જેનાથી મુખ્ય રેલવે સ્ટેશને 10,000 જેટલા મુસાફરોનું ભારણ ઘટશે.

**નોંધ :** **વડોદરા**ના **છાયાપુરી** સ્ટેશનને સેટેલાઈટ રેલવે સ્ટેશન તરીકે વિકસાવ્યા બાદ હવે **વડોદરા**ના **પ્રતાપનગર રેલવે સ્ટેશન**ને પણ **સેટેલાઈટ રેલવે સ્ટેશન** તરીકે વિકસાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે.

## ➤ ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિ નિશાન એનાયત - રાષ્ટ્રપતિ નિશાન મેળવનાર ગુજરાત સાતમું રાજ્ય બન્યું




15 ડિસેમ્બર, 2019ના રોજ ગુજરાતમાં **ગાંધીનગર**ના **કરાઈ** ખાતે આવેલી **ગુજરાત પોલીસ એકેડમી**માં યોજાયેલા સમારોહમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ **શ્રી એમ. વેંકૈયા નાયડુ** દ્વારા **ગુજરાત પોલીસ**ને **રાષ્ટ્રપતિ નિશાન**થી સન્માનિત કરવામાં આવી છે.

- આ સાથે જ આવું સન્માન મેળવનાર **ગુજરાત** ભારતનું **સાતમું** રાજ્ય બની ગયું છે.
- રાષ્ટ્રપતિનું નિશાન એ પોલીસ દળની શ્રેષ્ઠતા અને ગૌરવનું પ્રતીક છે.
- જે રાષ્ટ્રની સેવામાં યોગદાનની સાક્ષી પૂરી પાડે છે.
- ગુજરાત પોલીસને એનાયત થયેલ આ વિશેષ પ્રતીક ગુજરાત પોલીસના તમામ અધિકારીઓ અને જવાનોના યુનિફોર્મની ડાબા હાથની સ્લીવમાં લાગશે.

**નોંધ :** રાષ્ટ્રપતિના નિશાન (કે જેને President's Colours અને Standard તરીકે પણ ઓળખવામાં આવે છે તે) ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા ગુજરાત પોલીસને વિશેષ રીતે ડિઝાઈન કરાયેલો ધ્વજ પણ એનાયત કરવામાં આવ્યો છે.

® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલી 'વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ 2019'નું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉદ્‌ઘાટન કર્યું હતું ?
   (A) મહાત્મા મંદિર, ગાંધીનગર (B) નવા સચિવાલય, ગાંધીનગર
   (C) યુનિવર્સિટી કોન્વેન્શન હોલ, અમદાવાદ (D) સાયન્સ સિટી, અમદાવાદ **(D)**
2. ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સાયન્સ સિટી ખાતે નિર્માણ પામનાર કઈ સાયન્ટિફિક ગેલેરીનું ખાતમુહૂર્ત કર્યું હતું ?
   (A) એક્વેટિક ગેલેરી (B) રોબોટિક ગેલેરી
   (C) એક્વેટિક એન્ડ રોબોટિક ગેલેરી (D) એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી **(D)**
3. ગુજરાતની પ્રસિદ્ધ સાયન્સ સિટી અમદાવાદના કયા ગામ પાસે આવેલી છે ?
   (A) શીલજ (B) હેબતપુર (C) સાંતેજ (D) લપકામણ **(B)**
4. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર ગુજરાત સરકારની 'વિધવા સહાય પેન્શન યોજના' હવે નવા કયા નામથી ઓળખાશે ?
   (A) વિધવા બહેનો માટેની પેન્શન યોજના (B) ગંગા-સ્વરૂપ બહેનો માટેની પેન્શન યોજના
   (C) ગંગા-સ્વરૂપ બહેનોને સહાયતા યોજના (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**
5. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને એક જ સ્થળેથી એક સાથે 7 હજાર વિધવા બહેનોને વિધવા પેન્શન હુકમો એનાયત કરવા બદલ 'એશિયા બુક ઓફ રેકોર્ડ' અને 'ગોલ્ડન બુક ઓફ રેકોર્ડ'નું પ્રમાણપત્ર એનાયત થયું છે...આ રેકોર્ડ ગુજરાતના કયા વિધાનસભા મતક્ષેત્રમાં નોંધાયો હતો ?
   (A) કામરેજ (B) ઉધના (C) ઓલપાડ (D) લિંબાયત **(C)**

6. ગુજરાત સરકારની 'વિધવા સહાય પેન્શન યોજના' અંતર્ગત લાભાર્થી મહિલાઓને માસિક કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?
(A) 1000 (B) 1150 (C) 1250 (D) 1350 **(C)**

7. તાજેતરમાં વડોદરાનું કયું રેલવે સ્ટેશન ગુજરાતનું ત્રીજું સેટેલાઈટ રેલવે સ્ટેશન બન્યું છે ?
(A) પ્રતાપપુર (B) પ્રતાપનગર (C) છાયાવિહાર (D) છાયાપુરી **(D)**

8. ગુજરાતમાં હાલ કાર્યરત ત્રણ સેટેલાઈટ રેલવે સ્ટેશનોમાં નીચેનામાંથી કયા રેલવે સ્ટેશનનો સમાવેશ થતો નથી?
(A) છાયાપુરી (B) કાલુપુર (C) મણિનગર (D) ઉધના **(B)**

9. 14 ડિસેમ્બર, 2019ના રોજ વડોદરા ખાતે છાયાપુરી સેટેલાઈટ રેલવે સ્ટેશનનું લોકાર્પણ કોણે કર્યું છે ?
(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) શ્રી પિયૂષ ગોયલ (D) શ્રી સુરેશ અંગડી **(D)**

10. રાષ્ટ્રપતિ નિશાન મેળવનાર ગુજરાત ભારતનું કેટલામું રાજ્ય બન્યું છે ?
(A) ત્રીજું (B) ચોથું (C) પાંચમું (D) સાતમું **(D)**

11. તાજેતરમાં કોના દ્વારા ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિ નિશાન એનાયત કરવામાં આવ્યું છે ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી આચાર્ય દેવવ્રત (C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી અમિત શાહ **(C)**

12. કઈ જગ્યાએ યોજાયેલા સમારોહમાં શ્રી એમ. વેંકૈયા નાયડુએ ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિ નિશાન એનાયત કર્યું છે ?
(A) શાહીબાગ પોલીસ ગ્રાઉન્ડ, અમદાવાદ (B) ગુજરાત પોલીસ એકેડમી, કરાઈ
(C) પોલીસ ટ્રેઈનિંગ સેન્ટર, જૂનાગઢ (D) હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 18 DECEMBER, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 18 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ (International Migrants Day)

સમગ્ર વિશ્વમાં 18 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ દર વર્ષે 18 ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- વર્ષ 2019ના આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસની થીમ 'Social Cohesion : Recognizing Migration is a Benefit that works for All' છે.



## ➤ જમૈકાની ભારતીય મૂળની સુશ્રી ટોની-એન સિંહે 'મિસ વર્લ્ડ 2019' ખિતાબ જીત્યો




ડિસેમ્બર, 2019 દરમિયાન બ્રિટનના લંડન ખાતે 'મિસ વર્લ્ડ' સ્પર્ધાનું આયોજન થયું હતું.

- મિસ વર્લ્ડની આ 69મી સ્પર્ધા હતી.
- આ સ્પર્ધામાં જમૈકાની ભારતીય મૂળની સુશ્રી ટોની-એન સિંહે મિસ વર્લ્ડ 2019નો તાજ જીતી લીધો છે.
- મિસ વર્લ્ડ 2018 સુશ્રી વનીસા પોન્સ ડી લીયોને સુશ્રી ટોની-એન સિંહને મિસ વર્લ્ડનો તાજ પહેરાવ્યો હતો.
- આ સ્પર્ધામાં ભારતની સુશ્રી સુમન રાવ સેકન્ડ રનર-અપ બની હતી. એટલે કે તેઓ આ સ્પર્ધામાં ત્રીજા ક્રમે રહ્યા હતા.
- આ ઉપરાંત સુશ્રી સુમન રાવે મિસ વર્લ્ડ એશિયા 2019નો તાજ જીતી લીધો છે.
- ભારતમાં રાજસ્થાનની સુશ્રી સુમન રાવ આ અગાઉ મિસ ઈન્ડિયા 2019 ટાઈટલ જીતી ચૂકી છે.

### મિસ વર્લ્ડ

'મિસ વર્લ્ડ' સ્પર્ધા એ વિશ્વની સૌથી જૂની રનિંગ આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધા છે.

- શ્રી એરિક મોર્લીએ 1951માં બ્રિટનમાં આ સ્પર્ધાનો પ્રારંભ કર્યો હતો.
- 1951માં સૌપ્રથમ સ્વીડનની સુશ્રી કિકી હાકનસને આ સ્પર્ધા જીતી હતી.
- મિસ વર્લ્ડ સ્પર્ધાનો Motto અથવા તો આદર્શ વાક્ય 'Beauty with a Purpose' છે.
- અત્યાર સુધીમાં 6 ભારતીય યુવતીઓએ આ ટાઈટલ જીત્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**મિસ વર્લ્ડ વિજેતા ભારતીય યુવતીઓ**

| ક્રમ | વર્ષ | નામ |
|---|---|---|
| 1 | 1966 | સુશ્રી રીતા ફારિયા પોવેલ |
| 2 | 1994 | સુશ્રી ઐશ્વર્યા રાય |
| 3 | 1997 | સુશ્રી ડાયના હેડન |
| 4 | 1999 | સુશ્રી યુક્તા મુખી |
| 5 | 2000 | સુશ્રી પ્રિયંકા ચોપરા |
| 6 | 2017 | સુશ્રી માનુષી છિલ્લર |

**નોંધ :** (1) સુશ્રી રીતા ફારિયા (અથવા તો રીટા ફારિયા) મિસ વર્લ્ડ સ્પર્ધા જીતનાર પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન મહિલા છે.

(2) આ ઉપરાંત સુશ્રી રીતા ફારિયા એક Physician (ચિકિત્સક) તરીકે ક્વોલીફાય કરનાર પ્રથમ મિસ વર્લ્ડ છે.

## ➤ શ્રી મનોજ મુકુંદ નરવાણે ભારતીય આર્મીના નવા વડા બનશે



લેફ્ટેનન્ટ જનરલ **મનોજ મુકુંદ નરવાણે**ની **ભારતીય સેનાના નવા વડા (Chief of the Army Staff)** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- ભારતીય આર્મીના નવા વડા તરીકે તેઓ 31 ડિસેમ્બર 2019ના રોજ નિવૃત્ત થઈ રહેલા ભારતીય સેનાના વડા **શ્રી બિપીન રાવત**નું સ્થાન લેશે.
- શ્રી મનોજ મુકુંદ નરવાણે હાલ **ભારતીય સેનાના નાયબ વડા** છે.
- 22 એપ્રિલ, 1960ના રોજ **મહારાષ્ટ્ર**ના **પૂણે** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતીય સેનામાં **જૂન 1980**માં **Sikh Light Infantryની 7મી બટાલિયન**માં સામેલ થયા હતા.
- શ્રી મનોજ મુકુંદ નરવાણેને એનાયત થયેલા કેટલાક અગત્યના એવોર્ડના નામ આ પ્રમાણે છે :
  (1) પરમ વિશિષ્ટ સેવા મેડલ (2019) (2) અતિ વિશિષ્ટ સેવા મેડલ (2017)
  (3) સેના મેડલ (2015) (4) વિશિષ્ટ સેવા મેડલ (2015)



## ➤ Fortune 500 India's Largest Corporations 2019ની યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રથમ




ફોર્ચ્યુન ઈન્ડિયા દ્વારા તાજેતરમાં Revenue એટલે કે આવકની દષ્ટિએ ભારતની સૌથી મોટી 500 કંપનીઓની યાદી જાહેર કરવામાં આવી છે.

- આ યાદીમાં IOC એટલે કે Indian Oil Corporationને પાછળ રાખીને Reliance Industries ભારતની સૌથી મોટી કંપની બની ગઈ છે.
- આ યાદીમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન છેલ્લા 10 વર્ષથી પ્રથમ ક્રમે હતી. જોકે હવે તેનું સ્થાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે લઈ લીધું છે.
- આ યાદીમાં Reliance Industries બાદ Indian Oil Corporation બીજા અને ONGC ત્રીજા ક્રમે છે.
- જ્યારે TTK Prestige અંતિમ 500મા ક્રમે છે.

**Fortune 500 Rank**

| Rank | Company |
|---|---|
| 1 | Reliance Industries |
| 2 | IOC (Indian Oil Corporation) |
| 3 | ONGC (Oil & Natural Gas Corporation) |
| 4 | SBI (State Bank of India) |
| 5 | Tata Motors |
| 500 | TTK Prestige |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર **(D)**

2. મિસ વર્લ્ડ 2019 વિજેતા યુવતી કોણ છે ?
(A) સુશ્રી રીતા સિંહ (B) સુશ્રી રીતા એન સિંહ
(C) સુશ્રી નીતા એન સિંહ (D) સુશ્રી ટોની એન સિંહ **(D)**

3. સુશ્રી ટોની એન સિંહે મિસ વર્લ્ડ 2019 ખિતાબ જીતી લીધો છે...તેમના દેશનું નામ શું છે ?
(A) વેનેઝુએલા (B) જમૈકા (C) બ્રાઝિલ (D) બોલિવિયા **(B)**

4. મિસ વર્લ્ડ એશિયા 2019 વિજેતા યુવતીનું નામ શું છે ?
(A) સુશ્રી સુમન રાવ (B) સુશ્રી શ્રેયા શાહ
(C) સુશ્રી ફાલ્ગુની મહેતા (D) સુશ્રી માનસી શર્મા **(A)**

5. ભારતીય સેના (ભારતીય થલસેના અથવા તો ભારતીય આર્મી)ના નવા વડા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી મનોજ મુકુંદ રાય (B) શ્રી મનોજ મુકુંદ દામોદર
(C) શ્રી મનોજ મુકુંદ નરવાણે (D) શ્રી મનોજ મુકુંદ રાયબહાદુર **(C)**

| | | |
|---|---|---|
| 6. | શ્રી મનોજ મુકુંદ નરવાણેની ભારતીય સેનાના નવા વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે...તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?<br>(A) રાજસ્થાન (B) મહારાષ્ટ્ર (C) કર્ણાટક (D) હરિયાણા | (B) |
| 7. | ફોર્ચ્યુન ઈન્ડિયાની ભારતની 500 સૌથી મોટી કંપનીઓની 2019ની યાદીમાં પ્રથમ ક્રમે કઈ કંપની છે ?<br>(A) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (B) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (C) ONGC (D) SBI | (A) |
| 8. | ફોર્ચ્યુન ઈન્ડિયાની ભારતની 500 સૌથી મોટી કંપનીઓની 2019ની યાદીમાં કઈ કંપનીને પાછળ રાખીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ભારતની સૌથી મોટી કંપની બની ગઈ છે ?<br>(A) ONGC (B) BPCL (C) HP (D) IOC | (D) |

## 19 DECEMBER, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન



ભારતમાં દર વર્ષે 19 ડિસેમ્બર 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.

- 19 ડિસેમ્બર, 1961ના રોજ ગોવા પોર્ટુગલ પાસેથી મુક્ત થયું હતું.
- 19 ડિસેમ્બર, 1961ના રોજ ભારતીય આર્મીએ 'ઓપરેશન વિજય' કોડ નેઈમથી એક સૈન્ય ઓપરેશન હાથ ધરીને ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરાવ્યા હતા.
- આથી, દર વર્ષે 19 ડિસેમ્બર 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.

### ➤ પ્રસિદ્ધ ફિલ્મ અને નાટ્ય અભિનેતા શ્રી શ્રીરામ લાગૂનું નિધન



ભારતના પ્રસિદ્ધ ફિલ્મ અને નાટ્ય અભિનેતા શ્રી શ્રીરામ લાગૂનું 17 ડિસેમ્બર, 2019ના રોજ મહારાષ્ટ્રના પૂણે ખાતે 92 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 16 નવેમ્બર, 1927ના રોજ મહારાષ્ટ્રના સતારામાં થયો હતો.
- તેઓ પ્રસિદ્ધ ફિલ્મ અને નાટ્ય અભિનેતા તેમજ ENT Surgeon (એટલે કે કાન, નાક અને ગળાના ડોક્ટર) હતા.
- તેમણે 100થી વધુ હિન્દી અને મરાઠી ફિલ્મોમાં અભિનય કર્યો છે.
- આ ઉપરાંત તેમણે અનેક હિન્દી, મરાઠી અને ગુજરાતી નાટકોમાં કામ કર્યું છે.
- વીસમી સદીના ઉત્તરાર્ધમાં તેમને મરાઠી સ્ટેજના (અથવા તો મરાઠી નાટ્યમંચના) સૌથી મહાન અભિનેતાઓમાંના એક માનવામાં આવતા હતા.
- શ્રી શ્રીરામ લાગૂને એનાયત થયેલા પુરસ્કારોમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :
  (1) 'ઘરૌંદા' ફિલ્મ માટે ફિલ્મફેર બેસ્ટ સપોર્ટિંગ એક્ટર એવોર્ડ (1978)
  (2) કાલિદાસ સન્માન (1997) (3) દીનાનાથ મંગેશકર એવોર્ડ (2006)
  (4) પુણ્યભૂષણ પુરસ્કાર (2007) (5) સંગીત નાટક અકાદમી ફેલોશીપ (2010)

**નોંધ :** શ્રી શ્રીરામ લાગૂની આત્મકથાનું નામ 'લમાણ' (Lamaan) છે. જેનો અર્થ 'The Carrier of Goods' થાય છે.

## ➤ WEF Global Gender Gap Report 2020માં ભારત 112મા ક્રમે



World Economic Forum (WEF) દ્વારા તાજેતરમાં સ્ત્રી પુરુષ ભેદભાવ અંગે ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ 2020 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં કુલ 153 દેશોમાં ભારત 112મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018 અને 2017ના આ રિપોર્ટમાં ભારત 108મા ક્રમે હતું.
- આથી, વર્ષ 2017 અને 2018ના રિપોર્ટની તુલનાએ તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારતના રેન્કમાં 4 ક્રમનો ઘટાડો થયો છે.
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં આઈસલેન્ડ સતત 11મા વર્ષે પ્રથમ ક્રમે છે.
- આઈસલેન્ડ બાદ નોર્વે બીજા અને ફિનલેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે યમન અંતિમ 153મા ક્રમે છે.
- પાકિસ્તાન આ રિપોર્ટમાં 151મા ક્રમે છે.
- દક્ષિણ એશિયાઈ દેશોમાં બાંગ્લાદેશની સ્થિતિ આ રિપોર્ટમાં સૌથી સારી છે.
- આ રિપોર્ટમાં બાંગ્લાદેશ 50મા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

**WEF Global Gender Gap Index 2020 Rankings**


| Rank | Country | Rank | Country |
|---|---|---|---|
| 1 | આઈસલેન્ડ | 112 | ભારત |
| 2 | નોર્વે | 114 | મ્યાનમાર |
| 3 | ફિનલેન્ડ | 123 | માલદીવ |
| 50 | બાંગ્લાદેશ | 131 | ભૂટાન |
| 101 | નેપાળ | 151 | પાકિસ્તાન |
| 102 | શ્રીલંકા | 152 | ઈરાક |
| 106 | ચીન | 153 | યમન |

**નોંધ :** આ રિપોર્ટમાં Political Empowermentની દૃષ્ટિએ 152 દેશોમાં ભારતનો રેન્ક 18મો છે.

**આ રિપોર્ટમાં વિવિધ ક્ષેત્રમાં ભારતનો રેન્ક**

| ક્ષેત્ર | ભારતનો રેન્ક |
|---|---|
| Political Empowerment | 18 |
| Educational Attainment | 112 |
| Economic Participation and Opportunity | 149 |
| Health and Survival | 150 |

## ➤ પ્રસિદ્ધ ગુજરાતી હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગરને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત



18 ડિસેમ્બર, 2019ના રોજ **સાહિત્ય અકાદમી દિલ્હી** દ્વારા ભારતની **23 ભાષાઓ**માં વર્ષ **2019**ના **સાહિત્ય અકાદમી એવોર્ડ** વિજેતા સર્જકોની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત વર્ષ **2019**નો **ગુજરાતી ભાષા** માટેનો **'સાહિત્ય અકાદમી એવોર્ડ'** ગુજરાતના પ્રસિદ્ધ હાસ્યલેખક **શ્રી રતિલાલ બોરીસાગર**ને એનાયત થયો છે.
- શ્રી રતિલાલ બોરીસાગરને તેમના **નિબંધસંગ્રહ** **'મોજમાં રે'વું રે!'** માટે આ પુરસ્કાર એનાયત થયો છે.

### શ્રી રતિલાલ બોરીસાગર

શ્રી રતિલાલ બોરીસાગરનું પૂરું નામ **બોરીસાગર રતિલાલ મોહનલાલ** છે.

- શ્રી રતિલાલ બોરીસાગરનો જન્મ **ભાવનગર સ્ટેટ**ના **કુંડલા** ખાતે 31 ઓગસ્ટ 1938ના રોજ થયો હતો.
- આ ગામ હાલ **સાવરકુંડલા** તરીકે ઓળખાય છે અને તે વર્તમાન **અમરેલી જિલ્લામાં** આવેલું છે.
- અગાઉ **સાવર** અને **કુંડલા** બંને ગામો અલગ હતા અને તેમની વચ્ચેથી **નાવલી નદી** વહેતી હતી. આ બંને ગામો હવે એક થઈને **સાવરકુંડલા** તરીકે ઓળખાય છે.
- શ્રી રતિલાલ બોરીસાગર પ્રસિદ્ધ ગુજરાતી **હાસ્યલેખક** અને **નિબંધકાર** છે.
- તેમણે **ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર**માં **એકેડેમિક સેક્રેટરી** તરીકે તેમજ **ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી** તરીકે પણ સેવા આપેલી છે.
- તેઓ **'અખંડ આનંદ'**ના સહતંત્રી તરીકે પણ જોડાયા હતા.
- 1998માં **સંદેશ**માં શરૂ થયેલી તેમની **'મરક મરક'** કોલમ ખૂબ જ પ્રસિદ્ધ થઈ હતી.
- **'સમાજ જાગશે ?'** નામની તેમની પહેલી **વાર્તા** **'મહિલા જગત'** નામના સામયિકમાં પ્રસિદ્ધ થઈ હતી.
- તેમના પ્રસિદ્ધ પુસ્તકોમાં **'મરક મરક', 'આનંદલોક', 'એન્જોયગ્રાફી', 'મોજમાં રે'વું રે!', 'ભજ આનન્દમ્', 'ભદ્રંભદ્ર અમર છે!', 'તિલક કરતાં 63 થયાં', 'ૐ હાસ્યમ્', 'વિનોદના વૈકુંઠમાં'** વગેરેનો સમાવેશ થાય છે. જેમાં **'મરક મરક'** તેમનો **પ્રથમ** હાસ્ય સંગ્રહ છે.
- તેમણે **'સંભવામિ યુગે યુગે'** નામથી **લઘુનવલ** પણ આપી છે.
- તેમના બાળ સાહિત્યના પુસ્તકોમાં **'બાલવંદના'** પ્રસિદ્ધ છે.
- શ્રી રતિલાલ બોરીસાગરના **'છત્રી'** નામના **હાસ્ય નિબંધ**નો **ધોરણ-10**ના ગુજરાતી ભાષાના પાઠ્ય પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- **'છત્રી'** નામનો આ હાસ્ય નિબંધ શ્રી રતિલાલ બોરીસાગરના **'ૐ હાસ્યમ્'** નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે.
- શ્રી રતિલાલ બોરીસાગરને એનાયત થયેલા પુરસ્કારોમાં –

  (1) ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી એનાયત થયેલા **'જ્યોતીન્દ્ર દવે પારિતોષિક'** અને

  (2) **સાહિત્ય અકાદમી એવોર્ડ (2019)**નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) શ્રી રતિલાલ બોરીસાગર **'સાહિત્ય અકાદમી એવોર્ડ'** વિજેતા **પ્રથમ ગુજરાતી હાસ્ય લેખક** છે.

(2) વર્ષ **2019**નો **હિન્દી** ભાષા માટેનો સાહિત્ય અકાદમી એવોર્ડ **'ચીલ્લાતે હુયે અપને કો'** કાવ્યસંગ્રહ માટે **શ્રી નંદ કિશોર આચાર્ય**ને એનાયત થયો છે.

(3) જ્યારે વર્ષ **2019**નો **English** ભાષા માટેનો સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રસિદ્ધ રાજનેતા **શ્રી શશી થરૂર**ને તેમની **'An Era of Darkness'** નામની બિન સાહિત્ય (Non Fiction) કૃતિ માટે એનાયત થયો છે.

## સાહિત્ય અકાદમી એવોર્ડ

રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, **દિલ્હી** દ્વારા **દર વર્ષે** ભારતીય બંધારણ દ્વારા માન્ય **22 ભાષાઓ** ઉપરાંત **અંગ્રેજી** અને **રાજસ્થાની** ભાષા સહિત **કુલ 24 ભાષાઓ**ના સાહિત્યમાંથી એક-એક કૃતિને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

- જેમાં તાજેતરમાં વર્ષ **2019**માં **23** ભાષાઓના વિજેતા સર્જકોની જાહેરાત કરવામાં આવી છે, જ્યારે **નેપાળી** ભાષાના એવોર્ડ વિજેતા સર્જકની જાહેરાત હવે પછી કરવામાં આવશે.
- ભારતમાં સાહિત્ય અકાદમી પુરસ્કારનો પ્રારંભ **1955**થી થયો હતો.
- ઈ.સ. **1955**માં સૌપ્રથમ **શ્રી મહાદેવભાઈ દેસાઈ**ને તેમની કૃતિ **'મહાદેવભાઈની ડાયરી'** (ડાયરી સાહિત્ય) માટે ગુજરાતી ભાષા માટેનો આ એવોર્ડ એનાયત થયો હતો.
- આ અગાઉ વર્ષ **2018**માં **સુશ્રી શરીફા વીજળીવાળા**ને તેમની કૃતિ **'વિભાજનની વ્યથા'** માટે આ પુરસ્કાર એનાયત થયો હતો.
- આ ઉપરાંત **1969**માં **શ્રી સ્વામી આનંદ**ને **'કુળકથાઓ'** માટે અને **1983**માં **શ્રી સુરેશ જોશી**ને **'ચિન્તયામિ મનસા'** માટે આ પુરસ્કાર એનાયત થયો હતો. જોકે, આ બંને સર્જકોએ આ એવોર્ડ **સ્વીકારવાનો ઈનકાર** કર્યો હતો.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને **શાલ**, **તામ્રપત્ર** અને **રૂ. 1 લાખ રોકડા** પુરસ્કાર રૂપે અર્પણ કરવામાં આવે છે.

### સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા કેટલાક ગુજરાતી સર્જકો અને તેમની કૃતિઓ

| વર્ષ | સર્જક | કૃતિ |
|---|---|---|
| 1955 | શ્રી મહાદેવભાઈ દેસાઈ | મહાદેવભાઈની ડાયરી |
| 1969 | શ્રી સ્વામી આનંદ (Not Accepted) | કુળકથાઓ |
| 1983 | શ્રી સુરેશ જોશી (Not Accepted) | ચિન્તયામિ મનસા |
| 2017 | સુશ્રી ઊર્મિ દેસાઈ | ગુજરાતી વ્યાકરણના બસ્સો વર્ષ |
| 2018 | સુશ્રી શરીફા વીજળીવાળા | વિભાજનની વ્યથા |
| 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે'વું રે! |

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી, દિલ્હી એ ભારતની **રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા** છે.

- તેને **'નેશનલ એકેડમી ઓફ લેટર્સ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વ માટે ભારત સરકાર દ્વારા **12 માર્ચ, 1954**ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા **રવિન્દ્ર ભવન**, **નવી દિલ્હી** ખાતે આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' ઉપરાંત 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' અને 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર' પણ દર વર્ષે એનાયત થાય છે.
- વર્ષ 2019ના આ પુરસ્કાર વિજેતા સર્જકોના નામ આ પ્રમાણે છે :

**વર્ષ 2019ના સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ગુજરાતી સર્જકો**

| ક્રમ | પુરસ્કારનું નામ | વિજેતા સર્જક | કૃતિ |
|---|---|---|---|
| 1 | સાહિત્ય અકાદમી એવોર્ડ 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે'વું રે! |
| 2 | સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2019 | શ્રી અજય સોની | રેતીનો માણસ (નવલિકા સંગ્રહ) |
| 3 | સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર 2019 | શ્રી કુમારપાળ દેસાઈ | – |

## ICE Questions

1. ભારતમાં દર વર્ષે 'ગોવા મુક્તિ દિન' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર **(B)**

2. ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરવા માટે ભારતીય સેના દ્વારા 1961માં કયું સૈન્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?
(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પ્રહાર (C) ઓપરેશન બુદ્ધા (D) ઓપરેશન રાજતિલક **(A)**

3. ગોવા, દમણ અને દીવ પોર્ટુગીઝોના શાસનમાંથી ક્યારે મુક્ત થયા હતા ?
(A) 19 માર્ચ, 1961 (B) 19 એપ્રિલ, 1961 (C) 19 જૂન, 1961 (D) 19 ડિસેમ્બર, 1961 **(D)**

4. તાજેતરમાં શ્રી શ્રીરામ લાગૂનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) શિક્ષણ અને પત્રકારત્વ (B) શિક્ષણ અને સાહિત્ય
(C) ફિલ્મ અને નાટક (D) સાહિત્ય અને સંગીત **(C)**

5. ભારતના પ્રસિદ્ધ ફિલ્મ અને નાટ્ય અભિનેતા શ્રી શ્રીરામ લાગૂનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) મધ્યપ્રદેશ (D) રાજસ્થાન **(B)**

6. WEF અથવા તો વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ 2020માં ભારત કયા ક્રમે છે ?
(A) 108મા (B) 110મા (C) 112મા (D) 116મા **(C)**

7. WEF ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ 2020માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) આયર્લેન્ડ (B) નોર્વે (C) ફિનલેન્ડ (D) આઈસલેન્ડ **(D)**

8. WEF ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2020માં અંતિમ 153મા ક્રમે કયો દેશ છે ?
(A) ઈરાક (B) ઈરાન (C) યમન (D) કુવૈત **(C)**

9. WEF ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2020માં દક્ષિણ એશિયાઈ દેશોમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) ભારત (B) નેપાળ (C) ભૂટાન (D) બાંગ્લાદેશ **(D)**

10. વર્ષ 2019ના 'સાહિત્ય અકાદમી એવોર્ડ 2019' વિજેતા ગુજરાતી સર્જક કોણ છે ?
(A) શ્રી કુમારપાળ દેસાઈ (B) શ્રી રતિલાલ બોરીસાગર
(C) શ્રી અજય સોની (D) શ્રી જ્યોતીન્દ્ર દવે **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. શ્રી રતિલાલ બોરીસાગરને કઈ કૃતિ માટે વર્ષ 2019નો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો છે ?
(A) મરક મરક (B) ભજ આનન્દમ્
(C) ૐ હાસ્યમ (D) મોજમાં રે'વું રે ! **(D)**

12. 'મોજમાં રે'વું રે !' કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.
(A) નવલિકા સંગ્રહ (B) નાટક સંગ્રહ (C) નવલકથા (D) નિબંધ સંગ્રહ **(D)**

13. વર્ષ 2019નો હિન્દી ભાષા માટેનો સાહિત્ય અકાદમી એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી નંદ કિશોર આચાર્ય (B) શ્રી ચિન્મય ગુહા
(C) શ્રી કુમાર મનિષ અરવિંદ (D) શ્રી વી. મધુસૂદન નાયર **(A)**

14. 'An Era of Darkness' પુસ્તકના સર્જક કોણ છે ?
(A) શ્રી ચેતન ભગત (B) શ્રી સલમાન રશ્દી
(C) શ્રી શશી થરૂર (D) શ્રી વિક્રમ શેઠ **(C)**

15. 'સાહિત્ય અકાદમી એવોર્ડ' વિજેતા સર્જકને રોકડ પુરસ્કાર તરીકે કેટલી રકમ એનાયત થાય છે ?
(A) રૂ. 1 લાખ (B) રૂ. 1.5 લાખ (C) રૂ. 2 લાખ (D) રૂ. 5 લાખ **(A)**

## 20 DECEMBER, 2019 FRIDAY

### ➢ દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ (International Human Solidarity Day)

### ➢ ભારતના ટોપ 100 Celebrityની ફોર્બ્સની વર્ષ 2019ની યાદીમાં શ્રી વિરાટ કોહલી પ્રથમ ક્રમે

વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન ફોર્બ્સ દ્વારા તાજેતરમાં ભારતના ટોપ 100 Celebrityની વર્ષ 2019ની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- આ યાદીમાં શ્રી વિરાટ કોહલી પ્રથમ ક્રમે છે.
- શ્રી વિરાટ કોહલી બાદ શ્રી અક્ષય કુમાર બીજા અને શ્રી સલમાન ખાન ત્રીજા ક્રમે છે.
- જ્યારે શ્રી સારાંશ ગોઈલા અંતિમ 100મા ક્રમે છે.




**Forbes India Celebrity 100 2019 Rank**

| Rank | Celebrity |
|---|---|
| 1 | શ્રી વિરાટ કોહલી |
| 2 | શ્રી અક્ષય કુમાર |
| 3 | શ્રી સલમાન ખાન |
| 4 | શ્રી અમિતાભ બચ્ચન |
| 5 | શ્રી મહેન્દ્રસિંહ ધોની |
| 6 | શ્રી શાહરુખ ખાન |

| Rank | Celebrity |
|---|---|
| 7 | શ્રી રણવીર સિંહ |
| 8 | સુશ્રી આલિયા ભટ્ટ |
| 9 | શ્રી સચિન તેન્દુલકર |
| 10 | સુશ્રી દીપિકા પાદુકોણ |
| 100 | શ્રી સારાંશ ગોઈલા |

**નોંધ :** સેલિબ્રિટીની વર્ષ 2019ની અંદાજિત આવક અને પ્રિન્ટ તેમજ સોશિયલ મીડિયામાં લોકપ્રિયતાને આધારે આ રેન્ક તૈયાર કરવામાં આવ્યો છે.

## ICE ? Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર — **(C)**

2. ફોર્બ્સ મેગેઝિન દ્વારા પ્રસિદ્ધ થયેલી ભારતના ટોપ 100 સેલિબ્રિટીની અથવા તો પ્રસિદ્ધ વ્યક્તિઓની વર્ષ 2019ની યાદીમાં પ્રથમ ક્રમે કોણ છે ?
(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી વિરાટ કોહલી
(C) શ્રી અક્ષય કુમાર (D) શ્રી અમિતાભ બચ્ચન — **(B)**

3. ફોર્બ્સ મેગેઝિન દ્વારા પ્રસિદ્ધ થયેલી ભારતના ટોપ 100 સેલિબ્રિટીની વર્ષ 2019ની યાદીમાં ભારતીય ફિલ્મ જગતના અભિનેતાઓમાં પ્રથમ ક્રમે કોણ છે ?
(A) શ્રી અક્ષય કુમાર (B) શ્રી સલમાન ખાન
(C) શ્રી અમિતાભ બચ્ચન (D) સુશ્રી આલિયા ભટ્ટ — **(A)**

## 21 DECEMBER, 2019 SATURDAY

### ➤ ભારતીય નૌસેના દ્વારા એન્ટી હાઈજેકિંગ અભ્યાસ 'અપહરણ'નું આયોજન

ભારતીય નૌસેના અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા ભારતમાં કેરળના કોચિ અથવા તો કોચીન બંદરે 'અપહરણ' નામના એન્ટી હાઈજેકિંગ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ અભ્યાસમાં 12 યુદ્ધ જહાજ અને કેટલાક હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત ભારતમાં પહેલી વખત આટલા મોટા પાયે યોજાયેલા આ અભ્યાસમાં વિવિધ એજન્સીઓ, કોચીન પોર્ટ ટ્રસ્ટ, ભારતીય નૌસેના અને ભારતીય કોસ્ટ ગાર્ડે ભાગ લીધો હતો.
- સોમાલિયાના સમુદ્રી લૂંટારા દ્વારા અવારનવાર વ્યાપારી જહાજોને હાઈજેક કરવામાં આવે છે. આથી, આ સ્થિતિમાં ભારતીય જહાજોના રક્ષણ માટે ભારતીય નૌસેના દ્વારા આ એન્ટી હાઈજેકિંગ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ➤ ICC Women's Awards 2019ની જાહેરાત

ICC એટલે કે International Cricket Council દ્વારા વર્ષ 2019ના મહિલાઓ માટેના વાર્ષિક એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.

- જેમાં ઓસ્ટ્રેલિયાના મહિલા ક્રિકેટર સુશ્રી એલીસ પેરીને વર્ષ 2019નો મહિલા ક્રિકેટર ઓફ ધ યર અને વર્ષ 2019ના મહિલા વન-ડે ક્રિકેટર ઓફ ધ યર એમ કુલ બે એવોર્ડ એનાયત થયા છે.
- જ્યારે ઓસ્ટ્રેલિયાના જ સુશ્રી એલિસા હીલીને વર્ષ 2019નો મહિલા ટી-20 ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ એનાયત થયો છે.



## ICC Women's Awards 2019

| ક્રમ | એવોર્ડ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | Women's Cricketer of the year | સુશ્રી એલીસ પેરી | ઓસ્ટ્રેલિયા |
| 2 | Women's ODI Cricketer of the year | સુશ્રી એલીસ પેરી | ઓસ્ટ્રેલિયા |
| 3 | Women's T20 Cricketer of the year | સુશ્રી એલિસા હીલી | ઓસ્ટ્રેલિયા |
| 4 | Women's Emerging Cricketer of the year | સુશ્રી ચનિદા સથિરુઆંગ | થાઈલેન્ડ |

## Women's ODI Team of the year 2019

ICC દ્વારા વર્ષ 2019 માટે પસંદ કરવામાં આવેલી 'મહિલા વન ડે ક્રિકેટ ટીમ ઓફ ધ યર'માં ચાર ભારતીય મહિલા ક્રિકેટરોનો સમાવેશ થયો છે :

(1) **સુશ્રી સ્મૃતિ માંધાના**

(2) **સુશ્રી શિખા પાંડે**

(3) **સુશ્રી ઝુલન ગોસ્વામી અને**

(4) **સુશ્રી પૂનમ યાદવ**

## Women's T20 Team of the year 2019

ICC દ્વારા વર્ષ 2019 માટે પસંદ કરવામાં આવેલી 'મહિલા ટી-20 ક્રિકેટ ટીમ ઓફ ધ યર'માં ત્રણ ભારતીય મહિલા ક્રિકેટરોનો સમાવેશ થયો છે :

(1) **સુશ્રી સ્મૃતિ માંધાના** (2) **સુશ્રી દીપ્તિ શર્મા** (3) **સુશ્રી રાધા યાદવ**

**નોંધ :** (1) ભારતના મહિલા ક્રિકેટર સુશ્રી સ્મૃતિ માંધાનાનો ICCની વન-ડે અને ટી-20 એમ બંને ટીમોમાં સમાવેશ થયો છે.

(2) જ્યારે વર્ષ 2019ના ICC મહિલા વન-ડે અને ટી-20 એમ બંને ટીમોના કેપ્ટન તરીકે ઓસ્ટ્રેલિયાના સુશ્રી મેગ લેનિંગની પસંદગી કરવામાં આવી છે.

## ➤ IPL 2020 લિલામી (Auction)



ભારતમાં 28 માર્ચથી 24 મે 2020 દરમિયાન IPLની 13મી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

- આ માટે ડિસેમ્બર 2019 દરમિયાન ભારતમાં પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે ખેલાડીઓની લિલામીનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ લિલામી અગાઉ IPLની ટીમોએ તેમની 2019ની ટીમના કેટલાક ખેલાડીઓને પોતાની ટીમમાં યથાવત્ રાખ્યા હતા અથવા તો જાળવી રાખ્યા હતા.
- આથી, આ ખેલાડીઓને વર્ષ 2020માં પણ પોતાની ટીમમાં જાળવી રાખવા માટે જે–તે ખેલાડીને 'રિટેઈન ફી' ચૂકવવામાં આવી હતી.
- જેમાં સૌથી વધુ 'રિટેઈન ફી' મેળવનાર ખેલાડીઓમાં શ્રી વિરાટ કોહલી પ્રથમ ક્રમે છે.
- રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે શ્રી વિરાટ કોહલીને સૌથી વધુ રૂ. 17 કરોડ 'રિટેઈન ફી' તરીકે આપ્યા છે.
- શ્રી વિરાટ કોહલી બાદ બીજા નંબરે શ્રી રોહિત શર્મા, શ્રી મહેન્દ્રસિંહ ધોની અને શ્રી રિષભ પંતને રિટેઈન ફી તરીકે રૂ. 15-15 કરોડ ચૂકવવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IPL 2020
## સૌથી વધુ રિટેઈન ફી ધરાવતા પ્લેયર્સ

| ક્રમ | પ્લેયર | ફ્રેન્ચાઈઝી | રિટેઈન ફી (રૂપિયા કરોડમાં) |
|---|---|---|---|
| 1 | શ્રી વિરાટ કોહલી | રોયલ ચેલેન્જર્સ બેંગલોર | 17 |
| 2 | શ્રી રોહિત શર્મા | મુંબઈ ઈન્ડિયન્સ | 15 |
| | શ્રી મહેન્દ્રસિંહ ધોની | ચેન્નાઈ સુપર કિંગ્સ | 15 |
| | શ્રી રિષભ પંત | દિલ્હી કેપિટલ્સ | 15 |
| 3 | શ્રી ડેવિડ વોર્નર | સનરાઈઝર્સ હૈદરાબાદ | 12.5 |
| | શ્રી સુનીલ નરૈન | કોલકાતા નાઈટ રાઈડર્સ | 12.5 |
| | શ્રી સ્ટિવ સ્મિથ | રાજસ્થાન રોયલ્સ | 12.5 |
| | શ્રી બેન સ્ટોકસ | રાજસ્થાન રોયલ્સ | 12.5 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IPL 2020 Auction

IPLની ટીમો દ્વારા રિટેઈન પ્લેયરની જાહેરાત બાદ 19 ડિસેમ્બર 2019ના રોજ કોલકાતા ખાતે વર્ષ 2020ની IPL ટુર્નામેન્ટ માટે લિલામીનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર શ્રી પેટ કમિન્સ સૌથી વધુ રૂ. 15.5 કરોડમાં વેચાયા હતા.
- કોલકાતા નાઈટ રાઈડર્સે શ્રી પેટ કમિન્સને સૌથી વધુ રૂ. 15.5 કરોડમાં ખરીધ્યા હતા.
- શ્રી પેટ કમિન્સ બાદ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર શ્રી ગ્લેન મેકસવેલ બીજા ક્રમે છે.
- શ્રી ગ્લેન મેકસવેલને કિંગ્સ ઈલેવન પંજાબે રૂ. 10.75 કરોડમાં ખરીધ્યા હતા.
- જ્યારે ભારતીય ખેલાડીઓમાં શ્રી પિયૂષ ચાવલાને સૌથી વધુ રૂ. 6.75 કરોડ મળ્યા હતા.
- શ્રી પિયૂષ ચાવલાને ચેન્નાઈ સુપર કિંગ્સે રૂ. 6.75 કરોડમાં ખરીધ્યા હતા.

## IPL 2020 લિલામી

| ક્રમ | વિશેષતા | પ્લેયર | કિંમત |
|---|---|---|---|
| 1 | સૌથી મોંઘા વેચાયેલા ખેલાડી | શ્રી પેટ કમિન્સ (ઓસ્ટ્રેલિયા) | રૂ. 15.5 કરોડ |
| 2 | સૌથી મોંઘા વેચાયેલા ભારતીય ખેલાડી | શ્રી પિયૂષ ચાવલા | રૂ. 6.75 કરોડ |

**નોંધ :** (1) IPLનું પૂરું નામ Indian Premier League છે.

(2) ભારતમાં IPLનો પ્રારંભ 2008થી થયો હતો.

(3) ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર શ્રી પેટ કમિન્સ IPLના અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધુ (રૂ. 15.5 કરોડની) કિંમતે વેચાયેલા વિદેશી ખેલાડી છે.

## ICE Questions

1. ભારતીય નૌસેના દ્વારા એન્ટી હાઈજેકિંગ અભ્યાસ 'અપહરણ'નું આયોજન ક્યાં થયું હતું ?
(A) કોચીન (B) મદુરાઈ (C) વિશાખાપટ્ટનમ (D) પૂણે **(A)**

2. ICC દ્વારા વર્ષ 2019નો 'મહિલા ક્રિકેટર ઓફ ધ યર' અને 'મહિલા વન-ડે ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) સુશ્રી મેગ લેનિંગ (B) સુશ્રી એલિસા હિલી
(C) સુશ્રી એલીસ પેરી (D) સુશ્રી ઝુલન ગોસ્વામી **(C)**

3. સુશ્રી એલીસ પેરી કયા દેશના મહિલા ક્રિકેટર છે ?
(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) ન્યુઝીલેન્ડ (D) સાઉથ આફ્રિકા **(B)**

4. ICC દ્વારા જાહેર થયેલી વર્ષ 2019ની વન-ડે અને ટી-20 એમ બંને ટીમોમાં ભારતના કયા મહિલા ક્રિકેટરનો સમાવેશ થયો છે ?
(A) સુશ્રી સ્મૃતિ માંધાના (B) સુશ્રી ઝુલન ગોસ્વામી
(C) સુશ્રી મિતાલી રાજ (D) સુશ્રી દીપ્તિ શર્મા **(A)**

5. ICC દ્વારા જાહેર થયેલી વર્ષ 2019ની વન-ડે અને ટી-20 એમ બંને ટીમોના કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ?
(A) સુશ્રી એલીસ પેરી (B) સુશ્રી એલિસા હિલી
(C) સુશ્રી પેગી એન્ટોનિયો (D) સુશ્રી મેગ લેનિંગ **(D)**

6. ભારતમાં 28 માર્ચથી 24 મે, 2020 દરમિયાન કેટલામી IPL ટુર્નામેન્ટ યોજાશે ?
(A) 11મી (B) 12મી (C) 13મી (D) 14મી **(C)**

7. ભારતમાં IPL 2020 માટે ભારતના કયા શહેરમાં પ્રથમ વખત IPLની લિલામીનું આયોજન થયું હતું ?
(A) મુંબઈ (B) બેંગાલુરૂ (C) ચેન્નાઈ (D) કોલકાતા **(D)**

8. IPL 2020 માટે કયા ખેલાડીને સૌથી વધુ રૂ. 17 કરોડ રિટેઈન ફી તરીકે ચૂકવવામાં આવ્યા છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી રોહિત શર્મા
(C) શ્રી મહેન્દ્રસિંહ ધોની (D) શ્રી રિષભ પંત **(A)**

9. IPL 2020 માટે કઈ ટીમે શ્રી વિરાટ કોહલીને રિટેઈન ફી તરીકે સૌથી વધુ રૂ. 17 કરોડ ચૂકવ્યા છે ?
(A) રોયલ ચેલેન્જર્સ બેંગલોર (B) મુંબઈ ઈન્ડિયન્સ
(C) ચેન્નાઈ સુપર કિંગ્સ (D) દિલ્હી કેપિટલ્સ **(A)**

10. 19 ડિસેમ્બર, 2019ના રોજ યોજાયેલી IPL 2020ની લિલામીમાં કયા ખેલાડી સૌથી વધુ રૂ. 15.5 કરોડમાં વેચાયા છે ?
(A) શ્રી ગ્લેન મેક્સવેલ (B) શ્રી પેટ કમિન્સ
(C) શ્રી પિયૂષ ચાવલા (D) શ્રી ડેવિડ વોર્નર **(B)**

11. ભારતમાં IPLનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 2006 (B) 2007 (C) 2008 (D) 2009 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ આર્સેલરમિત્તલ અને નિપોન સ્ટીલે ગુજરાતમાં એસ્સાર સ્ટીલનો પ્લાન્ટ રૂ. 42 હજાર કરોડમાં ખરીદ્યો

ગુજરાતમાં સુરતના હજીરા ખાતે આવેલો એસ્સાર સ્ટીલ (Essar Steel)નો પ્લાન્ટ રૂ. 42 હજાર કરોડમાં આર્સેલરમિત્તલ અને નિપોન સ્ટીલે ખરીદી લીધો છે. આર્સેલરમિત્તલ (ArcelorMittal)એ શ્રી લક્ષ્મી મિત્તલની વિશ્વની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક કંપની છે. એસ્સાર સ્ટીલના અધિગ્રહણ માટે ArcelorMittal અને Nippon Steel નામની કંપનીએ સાથે મળીને AM-NS India નામના નવા સંયુક્ત સાહસની રચના કરી છે. જેમાં આર્સેલરમિત્તલનો હિસ્સો 60 ટકા અને નિપોન સ્ટીલનો હિસ્સો 40 ટકા હશે. આ બંને કંપની દ્વારા ગુજરાતમાં સુરતના હજીરા ખાતે એન્ટી કોલીઝન સ્ટીલનું (એટલે કે મોટરકારમાં અકસ્માત સમયે સ્ટીલ બોડીમાં થતું નુકશાન અટકાવી શકાય તેવા સક્ષમ સ્ટીલનું) ઉત્પાદન કરવામાં આવશે. ESSAR Steelનું અધિગ્રહણ એ ભારતમાં Insolvency and Bankruptcy Code, 2016 અંતર્ગત થયેલી અત્યાર સુધીની સૌથી મોટી વસુલી છે. આશરે રૂ. 54,547 કરોડનું દેવું ધરાવતી એસ્સાર સ્ટીલ પાસેથી નાણાં વસૂલવા ઉપરોક્ત એક્ટ અંતર્ગત હરરાજી કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ ભારતમાં તમામ રેપ કેસ પર નજર રાખવા સુપ્રીમ કોર્ટના બે જજોની સમિતિની રચના

ભારતની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ શ્રી એસ. એ. બોબડેએ ભારતમાં બળાત્કારના કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે તમામ રેપ કેસો પર નજર રાખવા બે સભ્યોની એક સમિતિની રચના કરી છે. આ સમિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી અને જસ્ટિસ એમ. આર. શાહનો સમાવેશ થાય છે. આ સમિતિ ભારતમાં થતા તમામ રેપ કેસ પર નજર રાખશે અને તેનો ઝડપથી નિકાલ થાય તે માટે પગલાં ભરશે.

### ➤ નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર 5.6 ટકા રહેવાનો મૂડીઝનો અંદાજ

વિશ્વની જાણીતી રેટિંગ એજન્સી મૂડીઝ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 5.6 ટકા રહેવાનો અંદાજ છે. જ્યારે નાણાકીય વર્ષ 2020-21માં તે વધીને 6.6 ટકા અને 2021-22માં 6.7 ટકા રહેવાનો મૂડીઝનો અંદાજ છે.

# વિશ્વ

## ➤ અમેરિકાની સંસદના નીચલા ગૃહમાં શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ પસાર

અમેરિકાની સંસદમાં બે ગૃહો છે : (1) સેનેટ અને (2) પ્રતિનિધિ સભા. આ બંને ગૃહોમાંથી અમેરિકાની સંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં 230 વિરુદ્ધ 197 મતોથી અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ સામેનો મહાભિયોગ પ્રસ્તાવ પસાર થઈ ગયો છે. હવે આ પ્રસ્તાવને અમેરિકાની સંસદના ઉપલા ગૃહ સેનેટમાં રજૂ કરવામાં આવશે. જોકે, સેનેટમાં શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના પક્ષ રિપબ્લિકન પાર્ટીની બહુમતી હોવાથી ત્યાં આ પ્રસ્તાવ પસાર થઈ શકશે નહિ. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ મહાભિયોગનો સામનો કરનાર શ્રી બિલ ક્લિન્ટન અને શ્રી એન્ડ્રયુ જ્હોન્સન બાદ અમેરિકાના ત્રીજા રાષ્ટ્રપતિ છે. સત્તાનો દુરુપયોગ અને હરિફોની છબી ખરાબ કરવાના આરોપસર ડેમોક્રટિક પક્ષના સાંસદો દ્વારા શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ અમેરિકાની સંસદમાં આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. અમેરિકાની સંસદ 'કોંગ્રેસ' તરીકે ઓળખાય છે. અમેરિકાની સંસદમાં આજ સુધીમાં એક પણ રાષ્ટ્રપતિએ મહાભિયોગને કારણે સત્તા છોડવી પડી નથી.

## ➤ પાકિસ્તાનના પૂર્વ સરમુખત્યાર પરવેઝ મુશર્રફને દેશદ્રોહના કેસમાં ફાંસીની સજા

પાકિસ્તાનના પૂર્વ સરમુખત્યાર પરવેઝ મુશર્રફને પાકિસ્તાનની વિશેષ કોર્ટે ફાંસીની સજા ફરમાવી છે. આ સાથે જ પરવેઝ મુશર્રફ મોતની સજા મેળવનારા પાકિસ્તાનના પહેલા સૈન્ય શાસક અને બીજા રાષ્ટ્રપ્રમુખ બની ગયા છે. આ અગાઉ 1979માં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શ્રી ઝુલ્ફિકાર અલી ભુટ્ટોને ફાંસી આપવામાં આવી હતી. 3 નવેમ્બર 2007ના રોજ બંધારણનો ભંગ કરી ઈમરજન્સી લાગુ કરવાના આરોપસર પેશાવર હાઈકોર્ટના મુખ્ય જસ્ટિસ શ્રી વકાર અહેમદ શેઠની અધ્યક્ષતામાં બનેલી ત્રણ સભ્યોની વિશેષ કોર્ટે દેશદ્રોહના કેસમાં આ સજા ફરમાવી છે. ભારતના દિલ્હીમાં જન્મેલા પરવેઝ મુશર્રફ 2016માં સારવાર અર્થે દુબઈ ગયા બાદ પાકિસ્તાન પરત ફર્યા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE ? Questions

➤ આશરે રૂ. 42,000 કરોડમાં કઈ કંપનીએ ગુજરાતમાં આવેલો એસ્સાર સ્ટીલનો પ્લાન્ટ ખરીદી લીધો છે ?
– આર્સેલરમિત્તલ અને નિપોન સ્ટીલ

➤ ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલો એસ્સાર સ્ટીલનો પ્લાન્ટ આર્સેલરમિત્તલ અને નિપોન સ્ટીલે ખરીદી લીધો છે ?
– હજીરા (જિ. સુરત)

➤ ગુજરાતમાં સુરતના હજીરા ખાતે આવેલો એસ્સાર સ્ટીલનો પ્લાન્ટ આર્સેલરમિત્તલ અને નિપોન સ્ટીલે કેટલા કરોડમાં ખરીદ્યો છે ?
– રૂ. 42,000 કરોડ

➤ ભારતના તમામ રેપ કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે તેના પર નજર રાખવા સુપ્રીમ કોર્ટે કેટલા જજોની સમિતિની રચના કરી છે ?
– બે

➤ ભારતના તમામ રેપ કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે તેના પર નજર રાખવા સુપ્રીમ કોર્ટે કયા બે જજોની સમિતિની રચના કરી છે ?
– જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી અને જસ્ટિસ એમ. આર. શાહ

- ડિસેમ્બર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા મૂડીઝના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે ? – 5.6 ટકા
- અમેરિકાની સંસદના નીચલા ગૃહમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ પસાર થયો છે...અમેરિકાની સંસદના નીચલા ગૃહનું નામ શું છે ? – પ્રતિનિધિ સભા
- અમેરિકાની સંસદનું ઉપલું ગૃહ કયા નામે ઓળખાય છે ? – સેનેટ
- અમેરિકાની સંસદ કયા નામે ઓળખાય છે ? – કોંગ્રેસ
- તાજેતરમાં કયા પક્ષ દ્વારા અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે ? – ડેમોક્રેટિક પક્ષ
- પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફને કયા કેસમાં ફાંસીની સજા આપવામાં આવી છે ?
  – વર્ષ 2007માં ગેરબંધારણીય રીતે ઈમરજન્સી લાગુ કરવાને કારણે દેશદ્રોહના કેસમાં
- કઈ કોર્ટે પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફને ફાંસીની સજા ફરમાવી છે ?
  – પેશાવર હાઈકોર્ટના મુખ્ય જસ્ટિસ વકાર અહેમદ શેઠની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની બનેલી વિશેષ કોર્ટે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. 13 અને 14 ડિસેમ્બર 2019ના રોજ ગુજરાતના કયા શહેરમાં ફર્મેન્ટેડ ફૂડ અંગે 9મી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન થયું હતું ? – આણંદ
   (આણંદમાં આવેલી S.M.C. કોલેજ ઓફ ડેરી સાયન્સમાં આ કોન્ફરન્સ યોજાઈ હતી. જેનો મુખ્ય વિષય 'આરોગ્ય સ્થિતિ અને સામાજિક સુખાકારી' હતો.)
2. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં રૂ. 335 કરોડના ખર્ચે કેટલા નવા ઓવરબ્રીજ બનાવવાની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મંજૂરી આપી છે ? – સાત (7)
   (ગુજરાત સરકારના નાણાકીય વર્ષ 2019-20ના બજેટમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં 20 ઓવરબ્રીજ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમાંથી હાલ 7 બ્રીજ બનાવવા માટે તેની કુલ રકમ રૂ. 335 કરોડમાંથી આ વર્ષે 10 ટકા પ્રમાણે રૂ. 33.5 કરોડ રકમ ફાળવવામાં આવી છે.)
3. 15 ડિસેમ્બર, 2019થી 15 જાન્યુઆરી 2020 સુધી ગુજરાતના કયા જિલ્લામાં પંચમહોત્સવ - 2019નું આયોજન કરવામાં આવ્યું છે ? – પંચમહાલ
   (પંચમહાલ જિલ્લામાં પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે યોજાયેલા આ પાંચમા પંચમહોત્સવનો પ્રારંભ ગુજરાતના કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે પાવાગઢના વડાતળાવ ખાતે ટેન્ટસિટીનું ઉદ્‌ઘાટન કરીને કરાવ્યો હતો.)

4. 14 ડિસેમ્બર 2019ના રોજ ગુજરાતમાં આણંદ ખાતે આવેલી ઈરમા (IRMA)ના કેટલામા સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ ઉપસ્થિત રહ્યા હતા ? – 40મા

5. ઈરમા (IRMA)નું પૂરું નામ શું છે ? – Institute of Rural Management Anand
(1979માં સ્થપાયેલી આ સંસ્થાની સ્થાપનામાં શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો. વર્ગિસ કુરિયનનું નોંધપાત્ર યોગદાન હતું.)

6. મધ્યપ્રદેશ સરકાર દ્વારા મધ્યપ્રદેશના કયા સ્થળેથી ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી નર્મદા નદીમાં ક્રૂઝ ચલાવવાની યોજના બનાવવામાં આવી રહી છે ? – ખલઘાટ

7. તાજેતરમાં કયા દેશમાં સ્થિર સરકારની રચના ન થતાં એક વર્ષમાં ત્રીજી વખત ચૂંટણી યોજવામાં આવશે ?
– ઈઝરાયેલ

8. માત્ર 8 વર્ષની ઉંમરે સિક્સ પેક એબ્સ ધરાવતી એશિયાની અને ભારતની પ્રથમ એથ્લીટ કોણ છે ?
– સુશ્રી પૂજા બિશ્નોઈ (ગુડા બિશ્નોઈ ગામ, જોધપુર, રાજસ્થાન)

9. RBIના નિર્દેશ મુજબ 16 ડિસેમ્બર, 2019થી બેન્કો દ્વારા ગ્રાહકોને 24 × 7 NEFT સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે...આ સુવિધા દ્વારા એક વખતમાં વધુમાં વધુ કેટલા રૂપિયા એક ખાતામાંથી બીજા ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરી શકાશે ? – રૂ. 2 લાખ

10. NEFTનું પૂરું નામ શું છે ? – National Electronic Funds Transfer

11. ભારતના હાઈવે પર આવેલા ટોલનાકાઓ ઉપર 15 ડિસેમ્બર, 2019થી ફરજિયાત અમલમાં આવનાર ફાસ્ટેગની મુદત કેટલા દિવસ વધારવામાં આવી છે ? – 30 દિવસ

12. જર્મનીની ફૂટબોલ ક્લબ બાયર્ન મ્યુનિચ તરફથી રમનાર ભારતીય મૂળના પ્રથમ ફૂટબોલર કોણ છે ?
– શ્રી સરપ્રીત સિંહ

13. ઈન્ડોનેશિયામાં યોજાયેલી અંડર-15 એશિયા જુનિયર બેડમિન્ટન ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતનાર ગુજરાતી ખેલાડી કોણ છે ? – સુશ્રી તસનીમ મીર
(મહેસાણાની સુશ્રી તસનીમ મીરે ભારતના જ સુશ્રી તારા શાહને પરાજય આપીને આ ટાઈટલ જીત્યું છે.)

14. તાતા સન્સના ચેરમેન પદેથી અગાઉ હટાવવામાં આવેલા કયા વ્યક્તિને ટાટા સન્સના ચેરમેન પદે ફરીથી નિયુક્ત કરવા નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યુનલે (NCLATએ) આદેશ આપ્યો છે ? – શ્રી સાયરસ મિસ્ત્રી

15. નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યુનલે (NCLATએ) શ્રી સાયરસ મિસ્ત્રીને કઈ કંપનીના એક્ઝિક્યુટિવ ચેરમેનપદેથી હટાવવાના નિર્ણયને અયોગ્ય ઠેરવ્યો છે ? – ટાટા સન્સ

16. વર્ષ 2019માં સૌથી વધુ 10 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સેન્ચ્યુરી ફટકારનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર કોણ છે ?
– શ્રી રોહિત શર્મા

17. આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટમાં સૌથી વધુ 8 વખત 150+ સ્કોર કરનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર કોણ છે ?
– શ્રી રોહિત શર્મા

18. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં બે વખત હેટ્રિક ઝડપનાર પ્રથમ ભારતીય બોલર કોણ છે ?
– શ્રી કુલદીપ યાદવ (ચાઈનામેન બોલર તરીકે પ્રસિદ્ધ)
(શ્રી કુલદીપ યાદવે ભારતમાં વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધની વન-ડે મેચમાં હેટ્રિક ઝડપીને આ સિદ્ધિ મેળવી છે. તેમણે વેસ્ટ ઈન્ડિઝ ઉપરાંત આ અગાઉ ઓસ્ટ્રેલિયા સામે પણ હેટ્રિક લીધી હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. શ્રી કુલદીપ યાદવ ભારતના કયા રાજ્યના ક્રિકેટર છે ? – ઉત્તરપ્રદેશ (જન્મ : કાનપુર)

20. 20થી 22 ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં સૌપ્રથમ વખત કયા શહેરમાં રાષ્ટ્રીય કક્ષાના કથ્થક મહોત્સવ 2019નું આયોજન થયું હતું ? – રાજકોટ
(રાજકોટના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમમાં કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા સંગીત નાટ્ય અકાદમી, દિલ્હીના માધ્યમથી રાષ્ટ્રીય કક્ષાના આ કથ્થક મહોત્સવનું આયોજન થયું હતું.)

21. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ડિસેમ્બર 2019 દરમિયાન ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની કઈ પ્રથમ હોટલનો શુભારંભ કરાવ્યો છે ? – ગ્રાન્ડ મરક્યુરી

22. વિશ્વના સૌથી જૂના યુદ્ધ જહાજ INS વિરાટને કયા બંદરે ભાંગવામાં આવશે ? – અલંગ
(ભાવનગરની શ્રીરામ શિપિંગના શ્રી મુકેશભાઈ પટેલે INS વિરાટને ભાંગવા માટે સોદો કર્યો છે.)

23. 18 ડિસેમ્બર, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે મળેલી GST કાઉન્સિલની 38મી બેઠકમાં પહેલી વખત મતદાનથી લેવાયેલા નિર્ણય અનુસાર ભારતમાં હવે સમગ્ર દેશમાં લોટરી ઉપર એક સમાન કેટલા ટકા GST વસૂલવામાં આવશે ? – 28 ટકા
(GST કાઉન્સિલની બેઠકમાં સર્વસંમતિ ન થતાં સૌપ્રથમ વખત મતદાનથી લેવાયેલા આ નિર્ણય મુજબ 1 માર્ચ, 2020થી ભારતમાં તમામ પ્રકારની લોટરી ઉપર 28 ટકા GST વસૂલવામાં આવશે.)

24. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં વિશ્વના સૌથી મોટા લક્ષચંડી મહાયજ્ઞનું આયોજન થયું હતું...કે જે ત્રેતા યુગ બાદ થયેલો વિશ્વનો પ્રથમ લક્ષચંડી મહાયજ્ઞ હોવાનું કહેવાય છે ? – ઊંઝા (શ્રી ઉમિયા માતાજીના સાંનિધ્યમાં)

25. ડિસેમ્બર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર વિશ્વની જાણીતી રેટિંગ એજન્સી ફીચે નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ 5.6 ટકાથી ઘટાડીને કેટલા ટકા કર્યો છે ? – 4.6 ટકા

26. ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતના કયા જિલ્લામાં વિનાશક તીડના આક્રમણને કારણે ખેતીના પાકોને વ્યાપક નુકશાન થયું હતું ? – બનાસકાંઠા (ઉપરાંત પાટણ જિલ્લામાં)

27. શોર્ટ વીડિયો મેકિંગ એપ Tik Tokની વર્ષ 2019ની સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતી વ્યક્તિઓની યાદીમાં સૌથી વધુ 95 લાખ ફોલોઅર્સ સાથે પ્રથમ ક્રમે કોણ છે ? – સુશ્રી જેક્લિન ફર્નાન્ડિસ

28. કેન્દ્રીય શિપિંગ અને કેમિકલ તેમજ ફર્ટિલાઈઝર રાજ્ય મંત્રીશ્રી મનસુખ માંડવિયાએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર 5થી 7 માર્ચ, 2020 દરમિયાન ભારતમાં 'ઈન્ડિયા ફાર્મા એન્ડ ઈન્ડિયા મેડિકલ ડિવાઈસ - 2020' કોન્ફરન્સનું આયોજન ક્યાં થશે ? – મહાત્મા મંદિર, ગાંધીનગર

29. ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના પાવાગઢ-ચાંપાનેર ખાતે કઈ થીમ પર 'પંચમહોત્સવ - 2019'નું આયોજન કરવામાં આવ્યું છે ? – બેટી બચાવો બેટી પઢાવો

30. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ પાસે વાસણા બેરેજમાંથી કઈ કેનાલમાં સુએઝના શુદ્ધિકરણ થયેલા પાણીના પુનઃ ઉપયોગ દ્વારા સિંચાઈ સુવિધાનો પ્રારંભ કરાવ્યો છે ? – ફતેવાડી કેનાલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

31. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા ભારતમાં તમામ દિવ્યાંગોને એક યુનિવર્સલ આઈકાર્ડ આપવા કયો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે ?

– યુનિવર્સલ આઈડી પર્સન્સ વીથ ડિસએબિલિટીઝ પ્રોજેક્ટ

32. ભારતમાં તમામ દિવ્યાંગજનોનો રાષ્ટ્રીયકક્ષાનો એક યુનિક ડેટા તૈયાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા દિવ્યાંગજનોને કયું કાર્ડ આપવામાં આવે છે ? – **UDID (Unique Disabilities Identification Card)**

33. તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે દેશભરની 50 દિવ્યાંગ મહિલાઓનો 15 દિવસીય ક્રિકેટ કેમ્પ યોજાયો હતો ?

– મોટા ફોફળીયા (જિ. વડોદરા)

34. તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા લક્ષચંડી મહાયજ્ઞમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા ? – ઊંઝા

35. તાજેતરમાં ગુજરાતના ઊંઝા ખાતે યોજાયેલા કયા યજ્ઞમાં 'એશિયા બુક ઓફ રેકોર્ડ'માં 4 અને 'બેસ્ટ ઓફ ઈન્ડિયા રેકોર્ડ'માં 8 રેકોર્ડ્સ નોંધાયા છે ? – લક્ષચંડી મહાયજ્ઞ

36. ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા તાજેતરમાં ગુજરાતના કયા સમુદ્રમાં 'સ્વચ્છ સમુદ્ર ઉત્તર પશ્ચિમ - 2019' નામથી સમુદ્રમાં પ્રદૂષણ પ્રતિક્રિયા અંગેની પ્રાદેશિક સ્તરની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું ?

– દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનારના સમુદ્રમાં

37. ડિસેમ્બર 2019 દરમિયાન પાટણની રાણકી વાવ ખાતે કેટલા દિવસીય સંગીત સમારોહનું આયોજન થયું હતું ?

– દ્વિદિવસીય

38. ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં પાટણની રાણકી વાવ ખાતે કોના દ્વારા દ્વિદિવસીય સંગીત સમારોહનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો ? – શ્રી વિજયભાઈ રૂપાણી

39. ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં પાટણની રાણકી વાવ ખાતે કયા નામથી બે દિવસના સંગીત ઉત્સવનું આયોજન થયું હતું ? – 'વિરાસત' સંગીત સમારોહ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.